**તીર્થગામ-પાવનગામ યોજના**

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં કોમી સદભાવના અને ભાઇચારાની ભાવના વધુ પ્રબળ બને તે અંગેની પ્રોત્સાહક યોજના

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-પરચ-૨૦૦૭-૭૪-ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯-૧૨-૨૦૧૨

**વંચાણમાં લીધાઃ-**

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૨૧-૭-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ- પરચ-૨૦૦૩-૨૧૦૪-ચ.

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૩-૨-૨૦૦૭નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૨૦-૧૦-૨૦૦૮નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૪) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૧૭-૪-૨૦૧૨નો સરખા ક્રમાંકનો ઠરાવ.

**આમુખઃ-**

રાજયના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો વચ્ચે સદભાવના અને કોમી એખલાસની ભાવના વધે અને ગામોનો સર્વાંગી વિકાસ થાય તથા ગામલોકોના પ્રયાસોને ઉત્તેજન આપવાના હેતુથી આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૧) આગળના ઠરાવથી તીર્થગામ યોજના અને વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૨) આગળના ઠરાવથી પાવનગામ યોજના તથા વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૩) આગળના ઠરાવથી તીર્થગામ - પાવનગામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તેમજ વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૪) આગળના ઠરાવથી આ વિભાગના તા. ૨૦-૧૦-૨૦૦૮ના ઠરાવના મુદ્દા નં. ૬(અ)(૧) તથા મુદ્દા નં. ૭ અને મુદ્દા નં. ૮ માં સુધારો કરવામાં આવેલ હતો. જે પૈકી મુદ્દા નં. ૬(અ)(૧) બાબતે નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ હતો.

" તીર્થગામ-પાવનગામની પસંદગી માટે વિચારણામાં લેવાતા મુદ્દા પૈકી વિવિધ કાયદા હેઠળ કોઇ કેસ ના નોંધાયેલ હોય તેવી પાત્રતાની સંદર્ભમાં સુધારો કરી જો અકસ્માતના કારણે કોઇ ગુન્હો નોંધાયેલ હોય તો તેને ગણતરીમાં લેવામાં આવશે નહિ. "

ઉપર મુજબના સુધારા ઠરાવના મુદ્દા નંબર ૬(અ)(૧)ની અમલવારી બાબતે રાજ્ય સરકાર દ્વારા આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>સુધારા ઠરાવઃ-</u>**

આ વિભાગના તા. ૨૦-૧૦-૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ- પરચ-૨૦૦૭-૭૪-ચના મુદ્દા નંબર ૬(અ)(૧) બાબતે વિભાગના તા. ૧૭-૪-૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ- પરચ-૨૦૦૭-૭૪-ચ થી કરવામાં આવેલ સુધારાનો અમલ યોજનાના ઠરાવની તા. ૨૦-૧૦-૨૦૦૮થી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩-૧૦-૨૦૧૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

અન્ય શરતો તથા બોલીઓ આ વિભાગના તા. ૨૦-૧૦-૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ- પરચ-૨૦૦૭-૭૪-ચ થી ઠરાવ્યા મુજબ યથાવત રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(વનરાજ બી. પટારીયા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
૩. માન.મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ,
૪. સચિવાલયના સર્વે વિભાગો,
૫. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૬. સર્વે કલેકટરશ્રીઓ,
૭. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
૮. સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
૯. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ-રાજકોટ.
૧૦. ચેરમેનશ્રી, જિલ્લા સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત(સર્વે)
૧૧. સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ(રાજ્ય)
૧૨. સર્વે પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ(એસ.પી.)
૧૩. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
૧૪. સર્વે નાયબ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ(એસ.સી.)
૧૫. સુપ્રિન્ટેન્ડેન્ટ, પ્રોહીબીશન એન્ડ એકસાઇઝ(સર્વે)
૧૬. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
૧૭. વિભાગની સર્વે શાખાઓ.
૧૮. સિલેકટ ફાઇલ.